## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મિત્રો... હવે બેટી બચાવો સાથે સાથે બીબી બચાવો કેમ્પેઈન શરૂ કરવાનો સમય આવી ગયો છે...

# આજે વિશ્વ વૉકિંગ ડે નિમિત્તે ન્યુ ગાંધીનગરમાં વૉક યોજાશે

ગાંધીનગરમાં તા. ૩૦મી સપ્ટેમ્બર રવિવારે સવારે ૭.૩૦ કલાકે વર્લ્ડ વૉકિંગ ડે નિમિત્તે વૉકનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન જર્મનીની એસોસિએશન ફોર ઈન્ટરનેશનલ સ્પોર્ટસ ફોર ઑલ-ટફીસા સંસ્થા દ્વારા યુનો અને યુનેસ્કોના સહયોગથી ગુજરાતની સ્પોર્ટસ ફોર ઓલ એકમ દ્વારા કરવામાં આવ્યું છે. આ વૉકનો પ્રારંભ કોબા માર્ગ પર કુડાસણ ખાતેના ગુજરાત ગારમેન્ટ ઝોન ખાતેથી કરવામાં આવશે જે સ્વામિનારાયણ મંદિર પાસે સમાપન પામશે.

વિશ્વભરમાં શારીરિક નિષ્ક્રિયતા વધી રહી છે જેના કારણે મેદસ્વિતા સહિત ડાયાબીટીશ, હૃદયરોગ, બ્લડપ્રેશર ઉપરાંત અનેક પ્રકારના રોગોને ઉત્તેજન મળી રહ્યું છે. ચાલવું એ શરીર માટે ઉત્તમ કસરત ગણાય છે અને ચાલવા થકી સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવવાના આશયથી ટફીસા દ્વારા વૉકનું આયોજન કરવામાં આવ્યું છે. આ વૉકમાં ભાગ લેનારા પ્રથમ ૨૦૦ વૉકર્સને સંસ્થા દ્વારા શુભેચ્છા ટી-શર્ટ ભેટ અપાશે. વૉક દરમ્યાન વૉકર્સ માટે ચા-નાસ્તા-પાણીની સુવિધા કરવામાં આવી છે.



રાજ્ય તલાટી મહામંડળના આદેશ મુજબ તલાટી મંત્રીના પ્રશ્નો અંગે આજે ગાંધીનગર તાલુકાના તમામ તલાટી મંત્રીઓ સામુહીક સી.એલ. પર ઉતર્યા હતા.

# ‘જીવન સત્ય થાય, સત્ય સ્વરૂપની પહેચાન થાય’ : આચાર્ય સુનિલ સાગરજી

ગાંધીનગર, તા. ૨૯

અહિંસા જ પરમ ધર્મ છે. જેને ધારણ કરવામાં આવે છે તે ધર્મ છે, ધર્મ જ આ જીવનો સ્વભાવ છે. ગર્ભિત વચન બોલવું, ખોટુ બોલવુ,



કસાય સહિત બોલવું અને અપ્રિય બોલવુ જીવને દુઃખી કરે છે. આ ત્રણ પ્રકારના વચનોથી દોસ્ત પણ દુશ્મન બની જાય છે. હાસ્યથી ભરેલા વચનો બોલવું નહિ. કોઈના સાથે હસવું ખરાબ નથી પણ ખરાબ રીતે હસવું એ ખરાબ છે. ખોટા વચન બોલવા, અસમંજસ જેવા વાક્યો બોલવા, જો સાચા પણ હોય તોય એવા સત્ય વચન બોલવાનું ટાળવું જોઈએ. ખોટી રીતે પાપનો વ્યાપાર કરો છો, ચામડાનો વ્યાપાર કરે છે અને પછી એમ કહે છે કે અમે શું કર્યું ? આ બધુ કર્યા પછી પરિણામ પણ એવુ જ આવશે તેમ આચાર્ય સુનીલ સાગરજીએ જણાવ્યું હતું.

જેનો પરસ્પર સારો વ્યવહાર છે તેમની વચ્ચે નફરત ઉભી થાય તેવું બોલવું, ભયજનક વાક્યો બોલીને વેર બંધાય એવા અને બીજાને ત્રાસ થાય એવા વચનો ક્યારેય ન બોલવા જોઈએ એવું ઉમેર્યું હતું. વધારેમાં એમણે ઉમેર્યું હતું કે ક્રોધ, માન, માયા, લોભ સાથેના બધા જ વચનો હિંસા છે. જો પ્રમાદથી બચવું હોય તો હિંસાથી બચો અને હિંસાથી બચવું હોય તો જૂઠથી બચો. ભોગોપભોગ સંબંધિત પરિવાર સંબંધિત જૂઠ બોલવુ પડે તો એક અણુવ્રતી માટે ચાલશે પણ કામ વગરના મોટા જૂઠનો ત્યાગ કરવો જોઈએ.

# પ્રસન્નસાગરજી મહારાજ સાહેબના વ્રત આજે પુર્ણ

અમદાવાદમાં દિગંબર સમાજ દ્વારા ક્યારેય ના થઈ હોય તેવી રીતે પારણાની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભારત ગૌરવ, યુવા તપસ્વી સમ્રાટ, ગુજરાત રત્ન કેસરી અંતર્મના મુનિશ્રી પ્રસન્નસાગરજી મહારાજ સાહેબ દ્વારા તેની સાથે તેમણે ૭૨ દિવસના મૌનવ્રત કર્યા હતા તે તા.૩૦મી સપ્ટેમ્બર રવિવારના રોજ કર્ણાટકના રાજયપાલ શ્રી વજુભાઈ વાળાની ખાસ ઉપસ્થિતિમાં તે પુર્ણ થશે. ચાતુર્માસ દરમ્યાન ૬૪ નિર્જળા ઉપવાસ કર્યા હતા.



ગાંધી ૧૫૦ : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે દેશભરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીજીના નિવાસસ્થાન સમા સાબરમતી આશ્રમ ખાતે પણ ગાંધી જંયતિની ઉજવણી ભાવપૂર્વક કરાશે.

# ઈસનપુર મોટા ખાતે કારકિર્દી આયોજન સપ્તાહનો સમાપન સમારોહ યોજાયો

જીલ્લા શિક્ષણ, નાયબ માહિતી નિયામકશ્રી અને જીલ્લા રોજગાર કચેરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતેના ઈસનપુર મોટા ની શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલમાં તા.૨૯/૦૯/૨૦૧૮ના રોજ કારકિર્દી આયોજન સપ્તાહનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો.

જેમાં જીલ્લા કક્ષાની નિબંધ/વકતૃત્વ સ્પર્ધા તેમજ કેરિયર કોર્નર શિક્ષકો માટે એક દિવસીય અભિમુખ કારકિર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોજગાર અધિકારીશ્રી વી.એસ.પાંડોર,શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલના પ્રિન્સીપાલશ્રી ઠક્કર સાહેબ, પ્રિન્સિપાલ શ્રીમતી મીનાબેન પટેલ, રોજગાર કચેરીના કાઉન્સેલર તેમજ સ્ટાફ અને ગાંધીનગર જીલ્લાની વિવિધ શાળાના ૨૮ સ્પર્ધક વિદ્યાર્થીઓ અને કેરિયર કોર્નરના ૨૭ શિક્ષકશ્રીઓ તેમજ આયોજક શાળાના ૧૫૦ થી વધુ વિધાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં હાજર રોજગાર અધિકારીશ્રી પાંડોર સાહેબે કાર્યક્રમ સંબધિત વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકશ્રીઓને પ્રેરણારૂપ માર્ગદર્શન આપ્યું હતું. જીલ્લા કક્ષાની નિબંધ/વકતૃત્વ સ્પર્ધામા ભાગ લીધેલ વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી પુરસ્કૃત કર્યા તેમજ શ્રેષ્ઠ કેરિયર કોર્નર શિક્ષકને પણ ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા. રોજગાર કચેરીના શ્રી ડી.કે.પટેલે કારકિર્દી આયોજન સપ્તાહના કાર્યક્રમનું ઉદ્ઘાટન થી સમાપન સુધીનું સુચારૂપણે આયોજન કરવામાં આવ્યું હતું. અંતમા નિર્મલભાઈ પટેલે આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# આજે ઈડીઆઈ ખાતે મિથિલા એન્ટરપ્રિન્યોર કોન્કલેવ યોજાશે

ગાંધીનગર,તા.૨૯

ગુજરાત રાજયમાં હવે પ્રતિભાવંત અને કૌશલ્યસભર બિહારીઓને ઔદ્યોગિક વિકાસની ક્રાંતિ સાથે જોડવાની એક અનોખી પહેલ રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ(એનએસઆઈસી) દ્વારા હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે આવતીકાલે તા.૩૦મી સપ્ટેમ્બરે ગાંધીનગરના ભાટ ગામે ઈડીઆઈ ખાતે એક ખાસ કાર્યશાળા અને મિથિલા એન્ટરપ્રિન્યોર કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બિહાર સરકારના યોજના આયોગના અધ્યક્ષ સંજયકુમાર ઝા, રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંહ(આઈએએસ), ગૃહસચિવ બ્રીજેશ ઝા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે એમ રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ (એનએસઆઈસી)ના સેન્ટ્રલ ઝોનના ડાયરેક્ટર અને ગુજરાતના મુખ્ય ઝોનલ અધિકારી શ્રી પી.કે. ઝાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં પ્રથમ વખત બિહાર રાજ્યની ગુજરાતમાં બિહારની સાંસ્કૃતિક ધરોહર અને યુવાનોને ઉદ્યમી તેમજ સાહસિક બનાવવા માટેનો એક શ્રેષ્ઠ અભિયાનરૂપી કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આવતીકાલે તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરના ભાટ ગામે ઈ.ડી.આઈ ખાતે કૌશલ્યસભર અને પ્રતિભાવંત બિહારી લોકોને ઔદ્યોગિક ક્રાંતિ સાથે જોડવા તેમ જ બિહારના લોકો જે બીજા રાજ્યોના ઔદ્યોગિક વિકાસમાં યોગદાન આપી રહ્યા છે તેઓને એક પ્લેટફોર્મ પર લાવીને ઔદ્યોગિક સાહસિકતા અને રોજગાર સર્જનની તકો ઉભી કરવાના ઉમદા આશય સાથે આ મહત્વની કાર્યશાળા અને મિથિલા એન્ટરપ્રિન્યોર કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના ઉદ્યોગ જગતમાં બિહારના મુળ બિહારી ઉદ્યોગપતિઓ મળીને મિથિલા ચેનલ વિકાસને ગતિ પ્રદાન કરવા માટે એક એન્ટરપ્રિન્યોરશીપ કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. જેનાથી મિથિલા તેમ જ બિહારના અનેક લોકો તેમજ પરિવારોને ઔદ્યોગિક જગતમાં ઉદ્યોગો સ્થાપવાની દિશામાં બળ મળશે. આવતીકાલના આ વિશેષ કાર્યક્રમમાં બિહાર સરકારના પ્રતિનિધિરૂપે યોજના આયોગના અધ્યક્ષ શ્રી સંજયકુમાર ઝા મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહેશે.

# રાજ્યમાં ડિફેન્સ-એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝને એરમાર્શલ રવિન્દ્રકુમાર ધીરની તજજ્ઞતાનો લાભ મળશે

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારના ડિફેન્સ-એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ એડવાઈઝર તરીકે સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડીંગ શ્રી રવિન્દ્રકુમાર ધીરની નિમણૂંક કરી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઈન્ડીયન એરફોર્સના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના ગાંધીનગર સ્થિત એર ઓફિસર ઈન કમાન્ડીંગ એરમાર્શલ રવિન્દ્રકુમાર ધીરની ગુજરાત સરકારના ડિફેન્સ એન્ડ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ એડવાઈઝર તરીકે નિમણૂંક કરી છે. ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે ડિફેન્સ એન્ડ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ સેકટરનો વ્યાપ વધી રહ્યો છે તે સંદર્ભમાં ભારતીય વાયુ સેનાના આ એર માર્શલની તજજ્ઞતા અને અનુભવ જ્ઞાનનો રાજ્યના આવા ઊદ્યોગોને લાભ મળે તે હેતુથી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ નિર્ણય કર્યો છે. ગુજરાત સરકારના ડિફેન્સ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ એડવાઈઝર તરીકે ૧ ઓકટોબર-૨૦૧૮થી અમલમાં આવે તે રીતે કરવામાં આવી છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન, ભારત

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ગુજરાતમાં ભાવભર્યું સ્વાગત છે

લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં
તા. ૩૦.૯.૨૦૧૮ના રોજ યોજાનાર
ગુજરાતના વિકાસને વેગવંત બનાવનાર વિવિધ કાર્યક્રમો



શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત



**આણંદ**

- મોગર-આણંદ ખાતે અમૂલ બ્રાન્ડ રેડી ટુ યુઝ થેરાપ્યુટીક ફુડ માટેના અત્યાધુનિક ચોકલેટ પ્લાન્ટનું લોકાર્પણ
- બાળકો, સગર્ભા-ધાત્રી માતાઓ, કિશોરીઓને પોષણક્ષમ આહાર માટે ટેક હોમ રાશન પ્લાન્ટનું લોકાર્પણ
- અમૂલ ડેરીના અન્ય વિવિધ પ્રોજેક્ટસનું ઈ-લોકાર્પણ

સ્થળ : નેશનલ હાઈવે-૮, મોગર, જિ.આણંદ
સમય : સવારે ૯.૩૦ કલાકે



**કચ્છ**

- મુંદ્રા ખાતે ગ્રીનફિલ્ડ એલએનજી ટર્મિનલનું ખાતમુહૂર્ત
- આંતર રાજ્યોને સાંકળતા કુદરતી ગેસ પરિવહનના સૌથી લાંબા ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત
- ભીમાસર-અંજાર-ભૂજ રાષ્ટ્રીય ધોરીમાર્ગનું ખાતમુહૂર્ત
- અંજાર ખાતે પ્રવહન વર્તુળ કચેરી અને સબ સ્ટેશનોનું લોકાર્પણ

સ્થળ : ગોવર્ધન પર્વત, સતાપર, તા.અંજાર, જિ.કચ્છ
સમય : બપોરે ૨.૦૦ કલાકે



**રાજકોટ**

- રાજકોટ ખાતે મહાત્મા ગાંધીજી ભણ્યા હતા તે ઐતિહાસિક આલ્ફ્રેડ હાઈસ્કૂલ સાથે જોડાયેલ સ્મૃતિઓની સદૈવ જાળવણી માટે રૂા.૨૬ કરોડના ખર્ચે નિર્મિત ગાંધી મ્યુઝિયમનું લોકાર્પણ
- વિશાળ વિડીયો આર્કવોલ, મોન્યુમેન્ટલ લાઈટીંગ, પ્રાર્થના હોલથી સજ્જ આ મ્યુઝિયમના મલ્ટીમીડિયા મિની થીયેટરમાં ૩-ડી પ્રોજેક્શન મેપીંગ ફિલ્મથી ગાંધી જીવન તાદૃશ થશે

સ્થળ : ચૌધરી હાઈસ્કૂલ, રાજકોટ
સમય : બપોરે ૪.૦૦ કલાકે

માહિતી ૨૦૧૮-૧૯ (૩૧)

ગુજરાતના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત